# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-12-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

- રાજ્યની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને મધ્યાહ્ન ભોજન ઉપરાંત કેલરી અને પ્રોટીનયુક્ત પૌષ્ટિક અલ્પાહાર અપાશે.
- રાજ્યમાં કુલ 2 કરોડ 75 લાખથી વધુ નાગરિકોનું e-KYC સફળતાપૂર્વક પૂર્ણ.
- વ્યાજખોરો સામે ફરિયાદો થતાં મોરબી પોલીસ દ્વારા લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું.
- ખ્યાતિ હોસ્પિટલ કેસમાં આરોપી ચિરાગ રાજપુતનાં બે દિવસનાં રિમાન્ડ મંજૂર.
- આગામી ત્રણ દિવસ લઘુત્તમ તાપમાનમાં વધારો થતાં રાજ્યમાં ઠંડીનું પ્રમાણ ઘટવાની હવામાન વિભાગની આગાહી.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GUJ. MADHYAHAN BHOJAN

રાજ્યની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને મધ્યાહ્ન ભોજન ઉપરાંત પૌષ્ટિક અલ્પાહાર આપવામાં આવશે. રાજ્યની સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળાઓના બાળ વાટિકાથી ધોરણ- 8 સુધીના વિદ્યાર્થીઓને પૌષ્ટિક અલ્પાહાર આપવામાં આવશે.

મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના હેઠળ રાજ્યની ૩૨ હજાર ૨૭૭ શાળાના અંદાજે ૪૧ લાખ વિદ્યાર્થીઓને શાળામાં શિક્ષણ કાર્ય શરૂ થાય તે પહેલાં પ્રાર્થના સમયે પૌષ્ટિક અલ્પાહાર પીરસવામાં આવશે. રાજ્ય સરકાર આ યોજના માટે વાર્ષિક ૬૧૭ કરોડ રૂપિયાનો ખર્ચ કરશે.

પ્રધાનમંત્રી પોષણ યોજનાના માનદ વેતનધારક સંચાલકને હવે ૪૫૦૦ રૂપિયાનું માસિક માનદવેતન, ૨૬ કે તેથી વધુ વિદ્યાર્થીઓ ધરાવતી શાળાઓના રસોઇ. કૂક કમ હેલ્પરને માસિક ૩ હજાર ૭૫૦ રૂપિયા તથા નાની શાળાઓ માટે વધારાના સ્ટાફ-હેલ્પરને માસિક ૧૫૦૦ રૂપિયાનું માનદવેતન આપવામાં આવશે.

# KUVARJI BAVLIYA- E KYC

e-KYC ઝુંબેશ અંતર્ગત રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ પોણા ત્રણ કરોડથી વધુ નાગરિકોનું e-KYC પૂર્ણ કરવામાં આવ્યું છે.

અન્ન-નાગરિક પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાએ આજે ગાંધીનગર ખાતે જણાવ્યું હતું કે, 'માય- રેશન એપ', ગ્રામ પંચાયત, જનસેવા કેન્દ્રો, પોસ્ટ ઓફિસ, બેંક, આંગણવાડી વગેરેના માધ્યમથી e-KYC કરી શકાય છે. આ અંગે શ્રી બાવળિયાએ વધુ વિગતો આપી હતી.

## (BYTE KUNVARJI BAWALIYA)

શ્રી બાવળિયાએ વધુમાં જણાવ્યું હતું કે, e-KYCમાં નાગરિકોને વધુ સરળતા રહે તે માટે નવી ૧,000 આધારકીટનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું કે, e-KYC પુરવઠા વિભાગ તરફથી થાય છે પરંતુ તેનો સંપૂર્ણ આધાર UID એટલે કે આધારકાર્ડ ઉપર છે. આધારકાર્ડનાં નામ/અટકનાં સુધારા ન થાય ત્યાં સુધી e-KYC થતું નથી.

# KUBER DINDOR- ADIJATI MAHOTSAV

આદિજાતી વિકાસ મંત્રી કુબેર ડિંડોરના અધ્યક્ષતામાં છોટાઉદેપુર જિલ્લામાં આદિજાતિ જન ઉત્કર્ષ મહોત્સવ-૨૦૨૪ પ્રારંભ કરવામાં આવ્યો..

રાજ્ય સરકાર દ્વારા વનબંધુ વિસ્તારમાં આ બે દિવસીય ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેના ભાગરૂપે છોટાઉદેપુર જિલ્લાની એસ.એન.કોલેજ ગ્રાઉન્ડ ખાતે આદિજાતી વિકાસમંત્રીએ આદિવાસી અમૃત કુંભ મહોત્સવ રથનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે શ્રી ડીંડોરે આદિવાસી શિક્ષણ ક્ષેત્રે વિકાસની વાત કરતાં જણાવ્યું હતું કે, રાજ્યમાં ૧૦૧ એકલવ્ય મોડેલ સ્કુલ, ૬૬૧ આશ્રમ શાળાઓ સહિતની શાળાઓમાં ૧૩ લાખથી વધુ બાળકોને રહેવા-જમવા, પુસ્તકો, દફતર, ગણવેશ જેવી સુવિધાઓ આપઇ રહી છે.

# MORBI LOK DARBAR

મોરબી શહેર અને જિલ્લામાં વ્યાજખોરો સામે ફરિયાદો થતાં મોરબી પોલીસ દ્વારા એસપી કચેરી ખાતે લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું.

વ્યાજખોરો લોકોને વ્યાજના વિષચક્રમાં ફસાવી, ધાકધમકી આપી, કોરા ચેક લખાવી, મારી નાખવાની ધાક ધમકીઓ આપતા હોવાના આક્ષેપો થતાં રાજકોટ રેન્જ આઇજી અશોકકુમાર યાદવની અધ્યક્ષતામાં યોજાયેલા આ લોકદરબારમાં મોરબીના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા. ટંકારાના ધારાસભ્ય દુર્લભજી દેથરિયાએ ઉપસ્થિત રહીને વ્યાજખોરોથી પીડિત લોકોની રજૂઆત સાંભળી હતી.

શ્રી દુર્લભજી દેથરિયાએ લોકોને વ્યાજખોરો સામે ફરિયાદ કરવા અપીલ કરતા આ મુજબ જણાવ્યું..

**(બાઇટ- દુર્લભજી દેથરિયા)**

## SURAT MAHILA POLICE STATION

ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતના કતારગામ ખાતે મહિલા પોલીસ સ્ટેશન (સેકટર-૧)નું લોકાર્પણ કર્યું હતું.

કતારગામમાં ધોળકિયા ગાર્ડન પાસે મહિલા પોલીસ સ્ટેશન (સેકટર-૧) લોકાર્પણ કરતા ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં શાંતિ, સુરક્ષા, સલામતીના મૂળમાં ઉત્તમ કાયદો અને વ્યવસ્થા અને ગુજરાત પોલીસની ઉમદા કામગીરી છે. મહિલાઓની સુરક્ષામાં કોઈ પણ બાંધછોડ નહીં થાય તેવી ખાતરી આપતાં તેમણે સામાન્ય નાગરિકોને મદદરૂપ થવાની પોલીસ અધિકારીઓને અપીલ કરી હતી. શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયા પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

## KHYATI HOSPITAL CHIRAG RAJPUT

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં કથિત બેદરકારીથી બે દર્દીઓનાં મૃત્યુને પગલે ધરપકડ કરાયેલા આરોપી ચિરાગ રાજપૂતને બે દિવસનાં રિમાન્ડ પર મોકલવામાં આવ્યો છે.

આ કેસમાં તપાસ દરમિયાન, ચિરાગ રાજપૂતના નિવાસસ્થાનેથી વિદેશી શરાબની બોટલ મળી આવતા નશાબંધી ધારા હેઠળ ગુનો નોંધાયો હતો. આજે ક્રાઈમ બ્રાન્ચે ચિરાગ રાજપૂતને અમદાવાદ મેટ્રો કોર્ટમાં રજૂ કર્યો હતો અને 10 દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. અદાલતે બંને પક્ષોની દલીલ સાંભળ્યા બાદ બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

# WEATHER

રાજ્યમાં આગામી ત્રણ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસ સુધીનો વધારો થતા ઠંડીનું પ્રમાણ ઘટવાની હવામાન વિભાગની આગાહી છે. હાલમાં વાતાવરણના ઉપરી વિસ્તારમાં ભેજવાળા પવનો આવતા હોવાથી આગામી પાંચ દિવસ રાજ્યમાં શુષ્ક વાતાવરણ રહેવાની સાથે ઠંડીનું પ્રમાણ પણ યથાવત રહેશે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે આ અંગે વધુ માહિતી આપી હતી..

**(બાઇટ- રામાશ્રય યાદવ- હવામાન વૈજ્ઞાનિક)**

# DANG E- RIKSHA

ડાંગના આહવા તાલુકાની ૧૩ ગ્રામ પંચાયતોમાં ૧૭ ઈ- રીક્ષાઓનું લોકાર્પણ કરવામાં આવ્યું. આજે ડો. બાબાસાહેબ આંબેડકર ભવન ખાતે વિધાનસભાના નાયબ દંડક વિજય પટેલે આ પ્રંસગે જણાવ્યું હતું કે, ડાંગ

જિલ્લાને પ્લાસ્ટિક મુક્ત જિલ્લો બનાવવાનો છે. ગ્રામ્ય વિસ્તારમાં સ્વછતા જાળવવા લોકો ઈ- રીક્ષાનો ઉપયોગ કરે તે હિતાવહ છે. આહવા ખાતે આયોજિત કાર્યક્રમમાં પાંચ લાભાર્થીઓને શૌચાલયના પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં.

## BANASKANTHA MAITREE KENDRA

બનાસકાંઠાના છ તાલુકાઓમાં કુલ ૨૦ મૈત્રી કેન્દ્રોની સ્થાપના કરવામાં આવશે. પશુપાલનની કામગીરીમાં રસ ધરાવતા સ્થાનિક ઉમેદવારો ૧૪ ડિસેમ્બર સુધી નજીકના પશુ દવાખાના ખાતે અરજી કરી શકશે. બનાસકાંઠા જિલ્લાના દાંતા, અમીરગઢ, ભાભર, થરાદ, વાવ અને સુઈગામ તાલુકાઓ માટે કુલ ૨૦ મૈત્રી MAITRI (MULTIPARPOSE ARTIFICIAL INSEMINATION TECHNICIANS IN INDIA) કેન્દ્રોની સ્થાપના કરવામાં આવશે.

## SIDHHPUR- SOMNATH BUS

સિધ્ધપુર તાલુકાનાં લોકો સોમનાથ દર્શનાર્થે જઇ શકે તે માટે રાજ્ય માર્ગ પરિવહન વિભાગ દ્વારા નવી બસ શરૂ કરવામાં આવી છે. આ બસ સપ્તાહમાં સાતેય દિવસ દોડશે. આ બસ દરરોજ સાંજે પાંચ કલાકે સિદ્ધપુરથી ઉપડી પાટણ, હારીજ, સુરેન્દ્રનગર, રાજકોટ, જુનાગઢ અને વેરાવળ થઈને સવારે 6 કલાકે સોમનાથ પહોંચશે. વળતામાં આ બસ સોમનાથથી સાંજે સાત કલાકે બીજા દિવસે સવારે આઠ કલાકે સિધ્ધપુર પરત ફરશે.

# NEWS IN BRIF

અને હવે કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં...

- અમદાવાદ શહેર પોલીસ દ્વારા મોડી રાત્રે કોમ્બીંગ કરી 12 હજારથી વધારે વાહનો ચેક કરી 1હજાર 257 લોકોને દંડ કરાયો.
- પોરબંદર જિલ્લામાં આયુષ્યમાન ભારત વય વંદના યોજનાનો 350 થી વધારે લોકોએ લાભ લીધો હતો.
- રાજકોટમાં ૪ ડીસેમ્બરે એઈડ્સ અંગે અવેરનેસ એન્ડ સેન્સીટાઈઝેશન કાર્યક્રમ યોજાશે.
- વન વિભાગ દ્વારા દીવના નાગવા રોડ પરના જંગલમાંથી બે સિંહોને બચાવીને જસાધાર રેન્જમાં એનિમલ રેસ્ક્યુ સેન્ટરમાં ખસેડવામાં આવ્યા છે.
- મહેસાણા જિલ્લા ક્ષય કેન્દ્ર વિભાગ દ્વારા રાષ્ટ્રીય રક્તપિત્ત નાબૂદી કાર્યક્રમ

  અંતર્ગત 12મી ડિસેમ્બરથી 21મી ડિસેમ્બર દરમિયાન રક્તપિત્તના દર્દીઓ શોધવામાં આવશે.